મૂળ અંગ્રેજી ઠરાવની
ગુજરાતી અનુવાદ

માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪
ફેરફાર બાબત---

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસઇઆર-૧૦૭૮-૬૬૭૦૯-છ,
સચિવાલય, ગાંધીનગર, તા: ૧૫-૨-૮૦.

વંચાણમાં લીધું :- સેક્રેટરી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા: ૧૬-૨-૭૮ નો પત્ર ક્રમાંક: મસબ/સા/વિનિ/સુધારો/૧૭૬૦૭

-:::-:::-:::-

**ઠરાવ :-** ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સને ૧૯૭૩ ના ગુજરાતના ૧૮ માં ) ની કલમ ૫૩ ની પેટા કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ કરેલા માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નીચેના ફેરફારો મંજૂર કરે છે.

વર્તમાન વિનિયમ નંબર ૧૨ પછી નીચેનો મજકૂર વધારાના વિનિયમ નંબર ૧૨-ક તરીકે ઉમેરવો :-

" વિનિયમ નંબર-૧૨-ક :- શાળાના રજિસ્ટરોમાં જન્મ તારીખો, નામો, વગેરેમાં ફેરફાર બાબત :-

(૧) અધિકારીની લેખિત પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય, શાળાના રજિસ્ટરની નોંધોમાં કંઇ પણ ફેરફાર કરવો નહીં.

(૨) શાળાના રજિસ્ટરમાં કોઇ પણ ફેરફાર માટેની અરજી, શાળામાં ખરેખર હાજર રહેનાર વિદ્યાર્થીના વતી હોય તે સિવાય દાખલ કરવી નહીં.

(૩) શાળાના રજિસ્ટરની નોંધોમાંના ફેરફાર માટેની અરજી, વિદ્યાર્થીના માતા-પિતા અથવા વાલીએ કરવી જોઇએ. અરજી મોકલાવતી વેળા શાળાના વડાએ પ્રમાણિત કરવું જોઇએ કે તેણે સહીની ખરાઇ કરી છે અને અરજીમાં વિદ્યાર્થીના માતા-પિતા અથવા વાલીએ તેની સમક્ષ સહી કરી છે.

(૪) જન્મ તારીખમાં ફેરફાર:- જન્મ તારીખમાં ફેરફાર કરવા માટે, અરજીઓમાં સ્પષ્ટ રીતે જણાવવું જોઇએ કે કેવી રીતે ભુલ થઇ છે અને સુચવેલા ફેરફારના સમર્થનમાં નીચેના દસ્તાવેજી પુરાવા રજુ કરવા જોઇએ જેમ કે --

(ક) જન્મ રજિસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો.
(૨) શિતળા ટંકાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

।ગ। ખ્રિસ્તીઓના દાખલામાં "બેપ્ટીસ્મલ" પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

।ઘ। માતાપિતા અથવા વાલીએ સવેતન મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલું સોગંદનામું.

।ચ। અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો જન્મ કુંડલી ઉપર બહુ આધાર રાખવો નહિં. પણ તેને પુષ્ટિકારક પુરાવા તરીકે ગ્રાહ્ય કરી શકાશે.

રજુ કરેલા દસ્તાવેજી પુરાવા બાળક અને માતાપિતાની સ્પષ્ટ રીતે ઓળખ આપતા હોય એ ખરેખરી ભુલ કરવામાં આવી છે, તે નિઃશંક રીતે બતાવતા હોય તેવા પ્રકારના હોય તે સિવાય, જન્મ તારીખમાં કશો ફેરફાર કરવો નહીં. ફેરફાર મંજુર કરવા માટેના કારણો મંજુર કરતા સત્તાધિકારીએ રેકર્ડ ઉપર લખવા જોઇએ.

✓ જેમાં માતાપિતા જન્મ રજિસ્ટર અથવા શિતળા ટંકાવ્યાનું પ્રમાણપત્રમાંથી ઉતારો, સબળ કારણોસર રજુ કરી શકે તેમ ન હોય તેવા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સંબંધમાં પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ પાસેથી પ્રમાણપત્ર મેળવીને રજુ કર્યેથી, શાળાના રેકર્ડમાં જન્મ તારીખનો ફેરફાર કરવાની પરવાનગી આપી શકાશે.

o પરંતુ સંબંધિત વિદ્યાર્થી હજુ પણ શાળામાં હાજરી આપતો હોવો જોઇએ.

।૫। <u>નામમાં ફેરફાર :-</u> નામમાં ફેરફાર કરવા માટે; દસ્તાવેજી પુરાવો અરજી સાથે હોવા જોઇએ અને રજુ કરેલા પુરાવા સંભાળપૂર્વક તપાસ્યા સિવાય, કશો ફેરફાર મંજુર કરવા નહીં.

।ક। દત્તકગ્રહણની બાબતમાં, મૂળ દત્તકગ્રહણ ખત અથવા દત્તકગ્રહણ પછી બદલેલું નામ, દર્શાવતું મેજિસ્ટ્રેટનું પ્રમાણપત્ર.

।ખ। લગ્નની બાબતમાં, સાક્ષીઓ અને છોકરીએ જાતે સાખ કરેલ માતાપિતા અથવા વાલીનો એકરાર.

।ગ। અન્ય તમામ બાબતોમાં માતાપિતા અથવા વાલીએ મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલું સોગંદનામું.

।ઘ। જેણે જાહેર । પબ્લિક । પરીક્ષા પાસ કરી હોય તે વિદ્યાર્થીની બાબતમાં, નામમાં ફેરફાર મંજુર કરવામાં આવે તો, તેને ગુજરાત સરકારી રાજ્યપત્રમાં તેના નામમાં ફેરફાર જાહેર કરવા જણાવવું.

: પરંતુ લગ્નને કારણે નામમાં થયેલા ફેરફાર રાજ્યપત્રમાં જાહેર કરવાનું જરૂરી નથી. :

॥ ૩ ॥

(૬) કોઇ વિદ્યાર્થી એકવાર શાળા છોડી જાય તે પછી શાળા રેકર્ડમાંની નોંધોમાં કશો ફેરફાર કરવો નહીં.

તેથી, કોઇ પણ પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ ખરી જન્મ તારીખના સમર્થનમાં જરૂરી પુરાવા રજૂ કરવાની અને તેને ખાતરી થતાં તેની પાસેથી જન્મ તારીખના સંબંધમાં મેળવેલું પ્રમાણપત્ર મેળવવાનો એક માત્ર માર્ગ બાકી રહે છે. એવું પ્રમાણપત્ર તમામ હેતુઓ માટે ખરી જન્મ તારીખની વિધિમાન્ય સાબિતી તરીકે સ્વીકાર્ય થશે.

(૭) કાયદાથી સોગંદ લેવડાવવા અધિકૃત કર્યા હોય તેવા અધિકારીઓ અથવા વ્યક્તિઓ સમક્ષ સોગંદનામું કરવાનું છે.

નોંધઃ- (૧) માનદ પ્રસિડેન્સી મેજિસ્ટ્રેટો, જસ્ટીસ ઓફ પીસ અને માનદ મેજિસ્ટ્રેટ સોગંદ લેવડાવી શકશે નહીં અથવા તેમની સમક્ષ સોગંદનામાથી એકરાર કરી શકાશે નહી. માત્ર સવેતન મેજિસ્ટ્રેટ તેમ કરી શકશે.

(૨) ભારત સ્ટેમ્પ અધિનિયમ અનુસુચિ ૧ ના બાબત ૪ હેઠળ, સોગંદનામા ઉપર સ્ટેમ્પ ડયુટી લેવા પાત્ર થશે "

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. એમ. કોઠારી,
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

-:::-:::-:::-:::-:::-:::-

માધ્ય-બ-૪૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ તારીખ ૩।૩।૮૦

નકલ જાણ અને અમલ માટે:-
તમામ સરકારી તથા બીન સરકારી માધ્યમિક શાળાઓ તરફ...

હવેથી પરિપત્રમાં જણાવેલ પુરાવાઓ વિદ્યાર્થી પાસેથી મેળવી ચકાસી સ્પષ્ટ અભિપ્રાય સાથે મોકલવાની સુચના આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.....

"પાંધી"